**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૮ ટકા ● સાંજે ૯૭ ટકા

# શાકભાજીના ભાવમાં ઉછાળો આવતા શાકનો સ્વાદ ફિક્કો થયો

ગાંધીનગર, તા.૨૩ ગાંધીનગર શહેરના શાકમાર્કેટમાં અચાનક શાકના ભાવ તેજી જોવા મળી છે. થોડા સમય પહેલા રૂ.૩૦ થી રૂ.૪૦ ના કિલોના ભાવે વેચાણ થતા શાકના ભાવ રાતોરાત વધી જવા પામ્યા છે. શાકના ભાવમાં ઉછાળો આવતા શાકમાર્કેટમાં નાગરીકો આંટા મારીને પાછા જાય છે. શાકભાજીના ભાવ કિલોના રૂ.૭૦ થી રૂ.૮૦ થઈ જતા રસોડામાં બનતા શાકના સ્વાદ ફિક્કા થઈ ગયા છે. ગાંધીનગર શહેરના સેકટર-૨૧, ૨૪, અને સેકટર-૭ સહિતના શાકમાર્કેટમાં શાકના ભાવમાં રોકેટ ગતિએ ઉછાળો જોવા મળ્યો છે. શાકમાર્કેટમાં શાકથી ભરેલી લારીઓ જોવા મળે છે પરંતુ શાકની ખરીદી માટે ગૃહિણીઓ ઓછી નજરે પડી રહી છે. શાકના ભાવ વધવાને પગલે નાગરીકો કઠોળ તરફ પણ વળી ગયા છે. ગણતરીના દિવસો પહેલા જે શાક ૩૦ થી ૪૦ રૂપીયે કિલોના ભાવે વેચાણ થતુ હતું. તે પરવર, ટીંડોળા, ચોરી, ગવાર, ફલાવર, કોબીજ,સહિત શાકભાજીમાં તેજી જોવા મળે છે. વરસાદી સિઝનમાં બજારમાં શાકભાજીની ઓછી આવકને પગલે શાકના ભાવમાં તોતિંગ વધારો ઝીકી દેવાય છે. તો બીજીતરફ ચોમાસાના વરસાદી પાણીમાં ભીનુ થયેલુ શાક લાંબો સમય ટકી શકતુ નથી તે બગડી જાય છે. જયારે શાકમાં રાજા ગણાતા બટેટાનો ભાવ પણ રૂ.૩૦ થી ઘટવાનુ નામ લેતો નથી. જયારે હાલ કંકોડાનો ભાવ સૌથી વધુ માર્કેટમાં જોવા મળે છે. તે ઉપરાંત શાકમાર્કેટમાં દુધી, ગલકા, તુરીયા,ભીંડા, સુરણ, સરગવો, કારેલા, સહિતના શાકમાં પણ નજીવો ફેરફાર જોવા મળી રહ્યો છે. જયારે ટામેટા રૂ.૫૦ ના કિલો તો ધાણાની રૂ.૨૦ ની જુડી મળે છે. મેથી, મરચા અને લીલી ડુંગળી, લીંબુ, આદુ, સહિતના ભાવ વધવાને પગલે માર્કેટમાં સીધી અસર જોવા મળે છે. શાકમાર્કેટમાં ઓછી આવક સામે વધુ જાવક હોવાથી ચોમાસાની સિઝનમાં શાકના ભાવમાં વધઘટ જોવા મળે છે. પરંતુ વિવિધ શાકના ભાવ વધારાની સીધી અસર ઘરના રસોડામાં જોવા મળે છે.





## વરસાદી માહોલમાં વાવોલની રકતદાન શિબિરમાં ૩૭ યુનિટસ રકત એકત્ર થયું

ગાંધીનગર, તા.૨૩ એક તરફ ગાંધીનગરમાં સવારથી જ વરસાદી માહોલ છવાયેલો હતો અને બીજી તરફ સંસ્થાઓ દ્વારા રકતદાન શિબિરો યોજવામાં આવી રહી છે. વાવોલ ખાતે યોજાયેલા રકતદાન કેમ્પની રકતદાતાઓનો ઉત્સાહ વધારવા પૂર્વ



વાવોલમાં સ્પેન્ટા કોમ્પ્લેક્ષ ખાતે સ્વામી વિવેકાનંદ વિકાસ કમિટી દ્વારા આયોજિત સ્વૈચ્છિક રકતદાન ધારાસભ્ય અશોકભાઈ પટેલે મુલાકાત લીધી હતી. કેમ્પમાં કુલ ૩૭ યુનિટસ રકત એકત્ર થવા પામ્યું હતું. રકતદાન



શિબિરમાં વરસતા વરસાદમાં પણ કુલ ૩૭ યુનિટસ રકત એકત્ર થવા પામ્યું હતું. વાવોલમાં કોલવડા ચાર રસ્તા નજીક સ્પેન્ટા કોમ્પ્લેક્ષ ખાતે સ્વામી વિવેકાનંદ વિકાસ કમિટી દ્વારા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરમાં કોરોના મહામારીમાં સિવિલ હોસ્પિટલની બ્લડબેંકમાં રકતનો પુરવઠો પર્યાપ્ત માત્રામાં જળવાઈ રહે તે હેતુથી શહેરમાં અનેકવિધ સ્વૈચ્છિક કેમ્પમાં રકતદાન કરનાર રકતદાતાઓને એન-૯૫ માસ્ક તથા સિવિલ હોસ્પિટલ બ્લડ બેંક દ્વારા સર્ટિફિકેટ અને શુભેચ્છા ભેટ આપી પ્રોત્સાહિત કરાયા હતા. રકતદાન કેમ્પમાં કમિટીના પ્રમુખ શૈલષભાઈ પટેલ ઉપરાંત દિલીપસિંહ ગોલ, મહિપતભાઈ સુથાર, ઘનશ્યામસિંહ ગોલ, લાલભાઈ પટેલ, અરવિંદભાઈ મેવાડા, રોહિતભાઈ પટેલ સહિત અન્ય કાર્યકરો પણ ઉપસ્થિત રહ્યા હતા.





વરસાદ વગર જીવન અઘરું છે, પરંતુ જયારે વરસાદ વધુ પડે તો તે મુશ્કેલી સર્જે છે. એમાં પણ શહેરમાં ખુલ્લા આકાશ તળે ઝુંપડાં બાંધીને રહેતાં જરૂરિયાતમંદ વર્ગના શ્રમજીવી પરિવારો માટે તો વધુ પડતો વરસાદ આફત બનીને આવે છે કેમ કે ઝુંપડાની છતમાંથી રાતભર વરસતું પાણી ઉજાગરા કરાવે છે ને દિવસે જનજીવન ઠપ્પ થઈ જાય તો રોજગારી રળવાના ફાંફા થઈ જાય છે. જયાં રોજે રોજનું કમાઈને ખાવાનું હોય ત્યાં ઝુંપડા પર બાંધવા તાડપત્રી ખરીદવી કેવી રીતે પોસાય? પણ ધન્ય થજો શહેરના એ સેવાભાવી યુવાનોનું જેઓ શહેરમાં ઝુંપડવાસીઓને પ્લાસ્ટિકની તાડપત્રીની છત લગાડી આપવાની નિઃસ્વાર્થ સેવા આપી રહ્યા છે અને બદલામાં માત્ર દ્રરિદ્રનારાયણના આશીર્વાદ મેળવી રહ્યા છે.

## મહિલાઓની સલામતી, સશકિતકરણ અને આર્થિક ફ્રોડથી ચેતવણી આપતો વેબીનાર યોજાયો

ગાંધીનગર, તા.૨૩

કોરોનાને કારણે હાલ શહેરમાં જાહેર કાર્યક્રમોનું આયોજન થતું નથી. જેને કારણે ઓનલાઈન કાર્યક્રમોનો ટ્રેન્ડ વધ્યો છે ત્યારે નગરની ઘણી સંસ્થાઓ દ્વારા ઓનલાઈન વેબીનાર અને સેમિનારનું આયોજન કરવામાં આવે છે. તાજેતરમાં જ લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમીના દ્વારા 'શકિત રહે સુરક્ષિત' વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

સુરક્ષા સેતુ દ્વારા ઓગસ્ટના પ્રથમ પખવાડિયાને મહિલા સશકિતકરણ પખવાડિયા તરીકે ઉજવવામાં આવે છે. જે અંતર્ગત મહિલાઓની સલામતી, સશકિતકરણ તેમજ આર્થિક ફ્રોડથી ચેતવણી આપવાના હેતુથી લાયન્સ કલબ ઓફ ફેમિના દ્વારા શકિત રહે સુરક્ષિત વેબીનાર યોજાયો હતો. જેમાં ડીવાયએસપી મંજીતા વણઝારા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ ટેકનોલોજીથી આજના સમયમાં પરિચિત થવા ઉપર ભાર મુકીને મહિલાઓ દ્વારા મહિલાઓ માટે યોજાયેલ વેબીનારના આયોજનને વખાણ્યું હતું. આ ઉપરાંત ગાંધીનગર જિલ્લા સુરક્ષા સેતુના લાયઝન અધિકારી પ્રવિણ વલેરા દ્વારા બહેનોને પોતાની તેમજ આર્થિક સુરક્ષા માટેના ઉપાયોની વિસ્તારપૂર્વક માહિતી આપવામાં આવી હતી. આ વેબીનારમાં સ્વાગત પ્રવચન પ્રમુખ મમતાબેન રાવલ દ્વારા તથા આભારવિધિ સેક્રેટરી દક્ષાબેન જાદવ દ્વારા કરવામાં આવી હતી. સંસ્થાના સભ્યોએ આ વેબીનારમાં મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

## પતિએ છુટા-છેડા માટે દબાણ કરીને યુવતિને માર મારતા ફરીયાદ નોંધાઈ

ગાંધીનગર, તા.૨૩ લગ્નના ગણતરીના મહિનામાં જ પતિએ છુટાછેડા માટે દબાણ કરીને યુવતિને માર મારતા યુવતિએ પોલીસ ફરીયાદ નોંધાવી છે. મળતી વિગત મુજબ કલોલ તાલુકાના બોરીસણા માર્ગ પર આવેલા શિવાનંદ એવન્યું ખાતે રહેતી ૨૭ વર્ષિય યુવતિ ખુશ્બુ અગાઉ એસ.જી હાઈવે પર આવેલી ઓટો મોબાઈલ્સ કંપનીમાં કામ કરતી હતી. ત્યારે તે સમયે તેની સાથે નોકરી કરતા મેઘલ શૈલેષભાઈ પટેલ(માલાબાર હીલ કાઉન્ટી-૨ નિરમા.યુનિ,પાછળ) સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો. ત્યારબાદ બંને પરિવારોની સહમતિથી ડિસેમ્બર -૧૯ માં બંનેએ ધામધુમપૂર્વક પ્રેમલગ્ન કર્યા હતા. યુવતિ અન્ય જ્ઞાતિની હોવાથી લગ્નના થોડા જ સમયમાં ઝઘડા શરૂ થયા હતા. યુવતિના આક્ષેપ મુજબ યુવકના માતા-પિતા, અને ભાઈ લગ્નથી ખુશ ન હોવાથી તેના પતિની ચઢામણી કરતા હતા. જેને પગલે પતિ ઝઘડો કરીને જાતિ વિષયક અપમાન કરતો હતો. ત્રાહીમામ પોંકારી ઉઠેલી યુવતિ છેલ્લા ચાર માસથી પિયર આવી ગઈ હતી.ત્યારબાદ પતિ, સાસુ-સસરા છુટાછેડા માટે દબાણ કરી રહ્યા હતા. તા.૨૦ ઓગસ્ટના રોજ યુવતિ પર પતિનો ફોન આવ્યો હતો અને એકલા આવીને ઘરેથી સામાન લઈ જવા માટે જણાવ્યું હતું.યુવતિ વૈષ્ણોદેવી સર્કલ ખાતે આવી પહોંચતા પતિ તેને હોટલ આર.કે.પેલેસમાં લઈ ગયો હતો.જયાં તેને યુવતિને ગડદા-પાટુનો માર મારી યુવતિને જમણા કાને, ગળાના ભાગે તેમજ જમણા હાથે ઈજા પહોંચાડી હતી. યુવતિએ ફરીયાદમાં દાવો કર્યો છેકે પતિ છુટાછેડા આપ્યા પછી પણ તેની સાથે જ રહેવાનું કહ્યું હતું નહી તો માતા અને ભાઈને મારી નાંખવાની ધમકી આપી હતી. આ મુદ્દે યુવતિએ પરિવારના સભ્યોને જાણ કર્યા પછી અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ચિરવિદાય

- સ્વ. કનુભાઈ સનાલાલ શાહ, ઉ.વ. ૭૦, સે-૨૧, ગાંધીનગર
- સ્વ. ગમીરજી ચેલાજી ઠાકોર, ઉ.વ. ૬૫, પીંડારડા, તા. ગાંધીનગર
- સ્વ. હિરાબેન ધુળાજી ઠાકોર, ઉ.વ. ૮૫, અડાલજ, તા. ગાંધીનગર
- સ્વ. સુરેશભાઈ પ્રેમજીભાઈ પટણી, ઉ.વ. ૬૭, સે-૨, ગાંધીનગર
- સ્વ. મહેશભાઈ કાનજીભાઈ ઠક્કર, ઉ.વ.૫૦, ગાંધીધામ, કચ્છ
- સ્વ. વાઘેલા કનકસિંહ જગતસિંહ, ઉ.વ. ૫૦, પીંડારડા, તા. ગાંધીનગર
- સ્વ. ઠાકોર નેનાજી જીવણજી, ઉ.વ. ૪૬, ખોરજડાભી, તા. કલોલ
- સ્વ. શકરીબેન ફતાજી ઠાકોર, ઉ.વ. ૫૬, મહુન્દ્રા, તા. ગાંધીનગર
- સ્વ. ઠાકોર સેંધાજી વરવાજી, ઉ.વ. ૭૦, ઈરાણા, તા. કડી-મહેસાણા

## આજે સંસ્કાર ગ્રુપના ૧૬મા જન્મદિને બાળકો દ્વારા માસ્ક અને નાસ્તાનું વિતરણ કરાશે

નગરના ખાસ બાળકોની ઈતર પ્રવૃત્તિઓ અને સંસ્કારના સિંચન માટે કાર્યરત સંસ્કાર ગ્રુપને ૧૬ વર્ષ પૂર્ણ થયાની ખુશીમાં સંસ્થાના પ્રમુખ અને બાળકો દ્વારા ઝુંપડપટ્ટીના શ્રમિકોને ઘરે બનાવેલો નાસ્તો, બિસ્કીટ અને માસ્ક તથા મોજા આજે આપવામાં આવશે. આ ઉપરાંત કોરોના વાઈરસ વિશેના સાવચેતીના પગલા વિશે બાળકોને માહિતગાર કરાશે.

# સૌથી પહેલા રોજગારીની તકોનું સર્જન કરવાનો પડકાર ઝીલવો જરૂરી

**લોકડાઉનની આડઅસરોમાં પડી ભાંગેલા અર્થતંત્રમાં નાગરિકો રોજગારી ગુમાવી રહ્યા છે : બેરોજગારીની વિપરિત અસરો પેદા થાય તે પહેલા નવી રોજગારીની તકો વધે તે દિશામાં કાર્યરત થવું જરુરી : સ્થાનિક ઉત્પાદન અને ગ્રામીણ ક્ષેત્ર ચાવીરૂપ સાબિત થશે**




ગાંધીનગર, તા.૨૩ છેલ્લા છ માસથી કોરોના વાયરસ સંક્રમણના ભરડામાં ભારત પીસાઈ રહ્યું છે અને દિનપ્રતિદિન કોરોના પોઝિટિવ કેસોની સંખ્યા વધતી જ જઈ રહી છે. શરૂઆતમાં સરકારે અન્ય દેશોની જેમ લોકડાઉન લાગુ કર્યુ પરંતુ તેની વિપરિત અસરો અર્થતંત્ર પર થવા પામી. ના છુટકે સરકારને તબક્કાવાર અનલોક કરી જનજીવનને કોરોના મહામારી સાથે પુનઃ કાર્યાન્વિત કરવાની ફરજ પડી છે. લોકડાઉનનો ઉપાય એકલાં ભારતે નહીં પરંતુ વિશ્વના લગભગ તમામ દેશોએ અપનાવ્યો હતો જેના કારણે સમગ્ર વિશ્વનું અર્થતંત્ર ખોરવાયું છે. આ સ્થિતિમાં અનેક ઉદ્યોગો-વેપાર-ધંધા-રોજગારને માઠી અસર થવા પામી છે અને જેના કારણે આર્થિક મંદીનો માહોલ સર્જાયો છે. લોકડાઉનની આડઅસરોમાં પડી ભાંગેલા અર્થતંત્રને કારણે ફરી એકવાર બેરોજગારીમાં ખૂબ વધારો થયો છે ત્યારે આ પરિસ્થિતિમાં કોરોના સામે ઝઝુમી રહેલી સરકારે આગામી સમયમાં શકય હોય તેટલી મોટી માત્રામાં વધુને વધુ રોજગારી પેદા કરવી તે પડકાર ઝીલવો પડશે અને તે માટે સ્થાનિક ઉદ્યોગોનો વિકાસ થાય અને ગ્રામીણ વિસ્તારોમાં રોજગારીની તકો વધુ ઉપલબ્ધ થાય તે દિશામાં કાર્ય કરવું જરુરી જણાય છે.

કોરોના મહામારીના કારણે ભાંગી પડેલા અર્થતંત્રને ફરી બેઠું કરવા સરકારે ૨૦ લાખ કરોડનું માતબર પેકેજ જાહેર કર્યું છે જે વિવિધ સ્વરૂપે ઉદ્યોગો તથા વેપાર ધંધા સહિત નાના સ્વ રોજગારીને પ્રોત્સાહન આપવાનું કામ કરે તેવું આયોજન કરવામાં આવ્યું છે. દેશમાં ટોચની ગણાતી ઈકોનોમિક એજન્સી સેન્ટર ફોર મોનીટરીંગ ઈન્ડિયન ઈકોનોમી જેને સીએમઆઈસી તરીકે ઓળખવામાં આવે છે તેણે લોકડાઉન બાદ રોજગારી અંગે હાથ ધરેલા સર્વેમાં જણાવ્યું છે કે જે ૪૦ કરોડ નાગિરકો સીધી કે આડકતરી રીતે રોજગારી મેળવતા હતા તેમાંથી ૧૨.૧ કરોડ નાગરિકોએ એપ્રિલ માસમાં રોજગારી ગુમાવી હતી. જો કે લોકડાઉન બાદ આ પૈકી મોટા ભાગના નાગરિકોએ તેમની જોબ પાછી મેળવી છે તેમ છતાં આજની સ્થિતિએ દેશમાં અંદાજે ૧.૬ કરોડ નાગરિકો જેઓ લોકડાઉનના કારણે બેરોજગાર બન્યા હતા તમને ફરી રોજગારી મળી નથી આ બેરોજગારીમાં નોકરિયાતોની સંખ્યા સૌથી વધુ છે. આટલું જ નહી એક અંદાજ મુજબ જેટલાં નોકરિયાતોની નોકરી ગઈ છે તેનાથી આશરે બમણાં નોકરિયાતોના પગારમાં કાપ આવ્યો અથવા તેમને ઓછા પગારથી ચલાવી લેવું પડયું છે.

લોકડાઉન સાથે જનજીવનમાં ભારે પરિવર્તન આવ્યું છે અને નાગરિકો હવે ખૂબ સાવચેતીથી પોતાના ખર્ચનું આયોજન કરી રહ્યા છે. અત્યાર સુધી ખરીદીનો જે રેશિયો ૨૦થી ૩૫ ટકા સુધીનો હતો તે હજુ માત્ર બે ટકા સુધી સમિતિ રહી જવા પામ્યો છે. ગ્રાહકો વપરાશની ચીજવસ્તુઓમાં ઘટાડો કરી રહ્યા છે. વસ્ત્રોથી માંડીને ખાણી-પીણીમાં માંગ ખૂબ જ ઘટી જવા પામી છે જેની સીધી અસર ઉત્પાદન પર થઈ રહી છે. ઉત્પાદન ઘટતાં જીડીપી તળીયે જઈ રહ્યો છે, પહેલીવાર રીઝર્વ બેંકના ગવર્નરે જીડીપીના આંકડામાં કોઈ અનુમાન કરવા ઈન્કાર કર્યો છે. જીડીપી નેગેટિવ તો નથી થયો પરંતુ શૂન્યની આસપાસ પહોંચી ગયો છે અને હવે ઓકટોબર માસમાં જયારે જીડીપીના આંકડા જાહેર થશે ત્યારે તેની સ્થિતિ વધુ સ્પષ્ટ થશે પરંતુ હાલ એવી સ્થિતિ જોવા મળી રહી છે કે ઉચ્ચ અભ્યાસ પ્રાપ્ત યુવાનોને પણ નોકરી મેળવવાના ફાંફાં પડી રહ્યા છે. માત્ર નોકરિયાતો જ નહી લોકડાઉનમાં શહેરોમાંથી વતન પરત ગયેલા શ્રમિકો પૈકી પરત ફરેલા કામદારોને પણ રોજગારી ગુમાવવી પડી છે. ગુજરાતના સુરત અને અમદાવાદ જેવા શહેરોની જે ઓળખ કહેવાય તેવા ડાયમન્ડ અને ટેક્ષટાઈલ ઉદ્યોગ પણ મંદીના ઘેરામાં સપડાઈ જવા પામ્યા છે. એક સમય હતો જયારે ભારતની ૮૦ ટકા વસતી ગામડામાં રહેતી હતી જેમાંથી શહેરીકરણનો પવન ફુંકાતા છેલ્લા કેટલાક વર્ષમાં શહેરોમાં વસતીનું પ્રમાણ ૨૦ થી વધીને ૪૦ ટકા સુધી પહોંચવા આવ્યું છે. લોકડાઉનના કારણે ફરી એકવાર નાગરિકો ગ્રામીણજીવન તરફ મીટ માંડી રહ્યા છે કેન્દ્ર સરકારે પણ આ સ્થિતિને પારખીને મનરેગાનું લક્ષ્યાંક બમણું કરી દેતા ૧૦૦ દિવસની રોજગારીની જગ્યાએ હવે ૨૦૦ દિવસ કામ કરવાની છુટ આપી છે.





કોરોના મહામારીનો હજુ અંત આવ્યો નથી બલ્કે અત્યારે તે તેના હાઈપીક પર પહોંચી ગઈ છે. આ સ્થિતિમાં નાગરિકોના જાહેર આરોગ્યની સંભાળ સાથે સરકારે વધુને વધુ રોજગારી ઉભી થાય તે દિશામાં જ કામ કરવું જરુરી જણાય છે. તાજેતરમાં મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે જાહેર કર્યું કે હવે રાજયમાં સરકારી નોકરીઓ માત્ર અને માત્ર સ્થાનિક ઉમેદવારોને જ આપવામાં આવશે. આ જાહેરાત ભલે ચુંટણી લક્ષી હોઈ શકે છે પરંતુ હવે કેન્દ્ર સરકાર હોય કે રાજય સરકાર બંનેએ એક સાથે મળીને રોજગારી પેદા કરવા પર ધ્યાન આપવું પડશે અને તેમાં સ્થાનિક રોજગારીની તકો વધારવાને સૌથી વધુ અસરકારક રીતે પ્રાથમિકતા આપવી પડશે. આમ પણ ચીન સાથેની અથડામણ બાદ ચાઈનીઝ ઉત્પાદનોનો બહિષ્કાર અને આત્મનિર્ભર અભિયાન અંતર્ગત સ્વદેશીને પ્રોત્સાહન આ દિશા તરફનો સંકેત ચીંધે છે પરંતુ જેમ લદ્દાખના વિકાસ માટે 'રૂર્બન ડેવલેપમેન્ટ'ને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે તે મોડેલ આ સ્થિતિમાં કદાચ સમગ્ર દેશ માટે હિતકારી સાબિત થઈ શકે તેમ છે.

આગામી સમયમાં હવે રોજગારીની નવી તકો માટે ગ્રામીણ વિસ્તારોમાં લઘુ ઉદ્યોગો, કુટિર ઉદ્યોગો, કૃષિ ક્ષેત્ર, પશુપાલન અને બાગાયતી સહિત આયુર્વેદ અને શિક્ષણને પ્રોત્સાહન આપવાથી ઝડપથી કામદારોને સ્થાનિક સ્તરે જ રોજગારી આપી શકાશે અને શહેરીકરણના બોજને પણ નિયંત્રિત રાખી શકાશે. આ માટે રાજય સરકારે ગ્રામીણ વિસ્તારોમાં રોડ રસ્તાથી માંડીને બેંકિંગ સહિતના સમગ્ર ઈન્ફ્રાસ્ટ્રકચરને મજબુત બનાવવું પડશે અને કૃષિ તથા પશુપાલનમાં અત્યાધુનિક ટેકનિકને અપનાવવા નાગરિકોને સહાયરૂપ બનવું પડશે.

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com